MANCHHIBA LALJIBHAI INSTITUTE OF DIPLOMA STUDIES
Established By M. L. Charitable Trust, Bombay
At & Post: Bhandu-384 120, Lalji Park Campus Ta: Visnagar, Dist.: Mehsana Gujarat
Ph. No. 9687637281, Fax: 02765-287945/ 02765-287357
Email: principal@mlids.org, URL:www.mlct.org.in

# INSTITUTE UNDERTAKING
## By
## Students / Parents

આ સાથે હું કોલેજના સતાધીશોને ખાત્રી આપું છું કે અને નોંધ લઉં છું આ કોલેજના વિદ્યાર્થી તરીકે:

૧. હું કોલેજ દ્વારા આયોજિત (ક) વ્યાખ્યાનો (ખ) ટ્યૂટોરિયલ (ગ) પ્રયોગશાળા (ઘ) વર્ગકસોટી (ચ) આમંત્રીત વ્યાખ્યાનો (છ) એન.સી.સી/ એન.એસ.એસ. / પી.ટી./ (જ ) યોગા અને ધ્યાનશિબિર અને (ઝ) કોલેજ દ્વારા આયોજિત ઈત્તર પ્રવુતિઓમાં હાજર રહીશ.

૨. મને જાણ છે કે એકવાર ફી ભર્યા બાદ નીચેના માંથી કોઈપણ સંજોગોમાં તે પરત કરવામાં આવશે નહિ.

- મારી પાસે પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ હોય પરંતુ અંતિમ એલિજિબિલીટી સર્ટી જી.ટી.યુ. તરફથી મેળવીને રજૂ ન કર્યું હોય.
- મારુ સત્ર જી.ટી.યુ. તરફથી માન્ય ન થાય.
- મારી વિનંતીથી અથવા સંસ્થાના સત્તાવાળાઓ દ્વારા મારો પ્રવેશ રદ કરવામાં આવ્યો હોય.

૩. મારો પ્રવેશ મારી વિનંતી અથવા અન્ય કોઈ કારણોસર રદ કરવામાં આવે તે સંજોગોમાં મારી બધી ખરી રસીદો સુપ્રત કરવાથી મને ફક્ત કોશન મની ડિપોઝિટ પાછી મળી રહેશે.

૪. હું કોલેજ પ્રિન્સીપાલ / કાઉન્સેલર ની પૂર્વ પરવાનગી સિવાય કોલેજમાં ગેરહાજર રહીશ નહિ.

૫. જીટીયુ ના નિયમો પ્રમાણે જો મારી હાજરી થિયરી અને પ્રેકટીકલમાં નિયત ટકાવારી થી ઓછી હશે તો જીટીયુ ની સત્રાંત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ, અને મારુ સત્ર ગ્રાન્ટ થશે નહિ.

૬. શૈક્ષણિક પ્રવાસમાં મારા ખર્ચે ભાગ લઈશ. પ્રવાસ દરમિયાન કોઈ હોનારત થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

૭. સંસ્થાના પ્રાંગણમાં પાન, ગુટખા, તમાકુ કે નશાકારક દ્રવ્યનું સેવન કરીશ નહી તથા ધુમ્રપાન કરીશ નહી.

૮. હું માંદગી / બીમારી બાદના દિન ૧૦ સુધીમાં દાક્તરી સર્ટિફિકેટ મારા પિતાજીના પત્ર સહીત રજુ કરીશ તેમજ શક્ય હશે તો ફોન દ્વારા પિતાજી દ્વારા ખાત્રી કરાવીશ.

૯. કોલેજમાં શિસ્ત જાળવીશ અને કોઈપણ ગેરશિસ્તમાં ભાગીદાર બનીશ નહી.

૧૦. હું એન્ટી-રેગિંગ ના તમામ નિયમોથી વાકેફ છું. હું કોલેજ કેમ્પસ, હોસ્ટેલ તથા કેમ્પસ બહાર તેના નિયમોનું પાલન કરીશ. મારા દ્વારા કોઈ સંજોગોમાં તેનું પાલન ન થાય તો મારી સામે શિક્ષાત્મક પગલાં લઇ શકાશે તેણે મને જાણ છે.

૧૧. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી આચરીશ નહી અથવા એવી પ્રવૃત્તિમાં મદદરૂપ બનીશ નહી.

૧૨. મારુ ઓળખપત્ર હંમેશા કોલેજમાં સાથે રાખીશ. કોલેજ / મંડળની અધિકૃત વ્યક્તિ દ્વારા મંગાવામાં આવે ત્યારે બતાવીશ. હું તેમ નહી કરું તો મારી સામે શિક્ષાત્મક પગલા લઈ શકશે તેની મને જાણ છે.

મે ઉપરોકત બાંહેધરીના તમામ નિયમો વાંચ્યા છે અને સમજ્યા છે. મારો પુત્ર / પુત્રી / પાલ્ય દ્વારા એ સંપુર્ણ રીતે પાળવાના આવશે તેની ખાત્રી આપુ છું. નિયમનો ભંગ કરવાના કિસ્સામાં સંસ્થા દ્વારા જે શિક્ષા કરવામાં આવશે તે મને સ્વીકાર્ય હશે.